પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫ | ૨૭ માર્ચ, ૨૦૧૭, સોમવાર ; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પુલવાવામાં બે આતંકીઓ ઠાર

જમ્મુ-કાશ્મીરના પુલવાવામાં



ફરી એકવાર સુરક્ષાબળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબારી થઈ હતી. જેમાં બે આતંકવાદીઓને સેનાએ ઠાર કર્યા હતા.

### બીએસએફમાં પ્રથમ મહિલા ફિલ્ડ ઓફિસર

રાજસ્થાનના બીકાનેરની



તનુશ્રી પારીકે બોર્ડર સીક્યોરીટી ફોર્સ (બીએસએફ)માં પ્રથમ ફિલ્ડ ઓફિસર બની છે. ૫૧ વર્ષના ઈતિહાસમાં પ્રથમ મહિલા ફિલ્ડ ઓફિસર બનેલી તનુશ્રીએ શનિવારે દિક્ષાંત પરેડનું નેતૃત્વ પણ કર્યું હતું.

### સો ફૂટ લાંબી કાર



કેલિફોર્નિયાના કસ્ટમ કાર ગુરૂ જે આહબર્ગે દુનિયાની સૌથી લાંબી લિમોજીન કાર બનાવી છે. ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં આ સો ફૂટ લાંબી કારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### પેરા લિમ્પિયન સુંદર ગુર્જરે દુબઈમાં રચ્યો ઈતિહાસ



દિવ્યાંગ ખેલાડી સુંદર ગુર્જરે દુબાઈમાં આયોજિત ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ઈતિહાસ રચ્યો છે. તેઓએ જેવેલિન થ્રો, ડિસ્કસ થ્રો અને શોટપુટ સ્પર્ધામાં ૩ મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે.

### ફરૂખાબાદની જેલમાં કેદીઓનો હંગામો



ફરૂખાબાદની જેલમાં બીમાર કેદીની સારવારના મામલે કેદીઓ ઉશ્કેરાતા હંગામો મચાવ્યો હતો. કેદીઓએ છત પર ચઢી જઈ પથ્થરમારો કરતા જેલના બે અધિકારીઓ ઘવાયા હતા. જેલર ડીપી સિંગને સસ્પેન્ડ કરાયા છે.

### ગુંડાતત્વો નહીં સુધરે તો ઉત્તરપ્રદેશ છોડ : યોગી

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખપુર પ્રવાસના



બીજા દિવસે આજે ખુબ જ આક્રમક મૂડમાં દેખાયા હતા. મુખ્યમંત્રીએ અસામાજિક તત્વો અને ગુંડાતત્વોને સીધીરીતે ચેતવણી આપતા કહ્યું હતું કે, જો આ લોકો સુધરશે નહીં તો તેમના માટે એક જ જગ્યા રહેલી છે. પ્રદેશમાંથી અન્યત્ર જતા રહેવા માટેની ચેતવણી પણ યોગીએ આપી હતી.

# દેશવાસીઓ ન્યુ ઈન્ડિયા માટે તત્પર : મોદી

## મન કી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા : બાંગ્લાદેશને સ્વતંત્રતાના પ્રસંગે શુભકામના શહીદવીરોને શ્રદ્ધાંજલિ આપી : ભોજનના બગાડને રોકવાની જરૂર છે : સ્વચ્છતા પર ફરીવાર ભાર મુક્યો



નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મનકી બાતમાં મોદીએ બાંગ્લાદેશને સ્વતંત્રતાની શુભેચ્છા પાઠવી હતી. સાથે સાથે શહીદે આઝમ ભગતસિંહને અંજલિ આપી હતી. મોદીએ મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયોને આવરી લીધા હતા. તેમણે કહ્યું હતું કે, દેશના ૧૨૫ કરોડ લોકો ન્યુ ઈન્ડિયા બનાવવા ઈચ્છુક છે. ન્યુ ઈન્ડિયા કોઈ સરકારી કાર્યક્રમ નહીં બલ્કે સમગ્ર દેશના કાર્યક્રમ તરીકે છે. સર્વજન હિતાયના મૂળ મંત્રને લઈને દેશના લોકોની મદદ કરવાની બાબત મુખ્ય ઉદ્દેશ્ય છે. મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં એક દિવસ પેટ્રોલ ડીઝલનો ઉપયોગ નહીં કરવાની પણ અપીલ કરી હતી. સાથે સાથે ભોજનની બરબાદીને રોકવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે, ભોજન ફેંકવાની બાબત સમાજદ્રોહ સમાન છે. યોગ, પ્રાણાયામથી ડિપ્રેશન દૂર થાય છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને લોકોના અભિપ્રાય માંગ્યા હતા. મોદીએ કાળા નાણા, ભ્રષ્ટાચારને રોકવા

● અનુસંધાન પાન-૭ પર

# સુપ્રીમ-હાઈકોર્ટના જજના પગાર ત્રણ ગણા વધશે

## મોદી સરકાર દ્વારા પ્રસ્તાવને લીલીઝંડી અપાઈ : સીજેઆઈનો પગાર મહીને ૨.૮ લાખ થશે : સત્તાવાર આવાસ, ગાડી, સ્ટાફ અનો અન્ય ભથ્થાઓ વધુમાં અપાશે



નવી દિલ્હી,તા. ૨૬

સરકાર સુપ્રીમ કોર્ટના એ પ્રસ્તાવને સ્વિકાર કરી ચુકી છે જેમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગાર આશરે ત્રણ ગણા કરવાની વાત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજના પગારને ત્રણગણા કરવાને મંજુરી મળ્યા બાદ આ ક્ષેત્ર સાથે જોડાયેલા જજના પગારમાં જંગી વધારો થશે. હાલમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ન્યાયિક ક્ષેત્રમાં સૌથી વધારે એક લાખ રુપિયાનો પગાર મહિને મેળવે છે. આમા મોંઘવારી અને બીજા ભથ્થાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. હવે સીજેઆઈનો પગાર વધીને ૨.૮ લાખ રૂપિયા પ્રતિ મહિને થઈ શકે છે. આ ઉપરાંત સત્તાવાર આવાસ, ગાડીઓ, સ્ટાફ અને બીજા ભથ્થા પણ મળશે. સરકાર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના જજના

● અનુસંધાન પાન-૭ પર

# ભારત અતિઆધુનિક યુદ્ધ વિમાન બનાવવા સજ્જ

નવીદિલ્હી, તા. ૨૬

ભારત ઉડ્ડયન ક્ષેત્રમાં પણ હવે અમેરિકા અને ચીન જેવા દિગ્ગજ દેશોને જોરદાર ટક્કર આપવાની તૈયારીમાં છે. સૈન્ય તાકાતમાં સમગ્ર દુનિયાને પોતાની તાકાતનો પરિચય આપી ચુકેલા ભારત હવે પોતે સ્ટીલ્થ ફાઈટર બનાવવાની યોજના ઉપર કામ કરી રહ્યું છે. બીજી બાજુ અમેરિકામાં પણ ભારતની હવાઈ તાકાતને વધારવા માટે મદદ કરવા અવાજ ઉઠી રહ્યા

## અમેરિકા અને ચીન જેવા દિગ્ગજ દેશોને જોરદાર ટક્કર આપવા માટેની તૈયારી શરૂ

છે. બે ટોપ સેનેટરે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને ભારતને એફ-૧૬ યુદ્ધ વિમાન વેચવા માટે પત્ર લખ્યા છે. ભારતની સ્ટીલ્થ ફાઈટર જેટ વિમાન બનાવવાની યોજના હાલમાં પ્રસ્તાવના સ્તર ઉપર છે. એએમસીએ એક અતિઆધુનિક યુદ્ધ વિમાન રહેશે. તેમાં દુશ્મનોનો ખાતમો કરવા અને હવામાં તેમને

● અનુસંધાન પાન-૭ પર



# હવે ડ્રાઈવિંગ લાયસન્સ માટે આધાર ફરજિયાત બનાવાશે

## મલ્ટીપલ ડ્રાઇવિંગ લાયસન્સના દૂષણને રોકાશે : લાયસન્સ રિન્યુ કરવા ઇચ્છુક લોકો અને નવા લાયસન્સ માટે આધાર કાર્ડ જરૂરી રહેશે

નવી દિલ્હી,તા. ૨૬

એક નામ હેઠળ મલ્ટીપલ ડ્રાઈવિંગ લાયસન્સને રોકવાના હેતુસર કેન્દ્ર સરકાર હવે વિશેષ પગલા લેવા જઈ રહી છે. આધારને ડ્રાઈવિંગ લાયસન્સ માટે પણ ફરજિયાત કરવાની તૈયારી થઈ રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભમાં રાજ્યોને ટૂંકમાં જ આદેશ કરવામાં આવનાર છે. નવા લાયસન્સ માટે આધાર ઓળખ જરૂરી બનાવી દેવામાં આવશે. આ ઉપરાંત લાયસન્સ રિન્યુ કરવા ઈચ્છુક લોકો માટે પણ આધારને જરૂરી બનાવવામાં આવશે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યુંછે કે, આના કારણે મલ્ટીપલ લાયસન્સના ઉપયોગના દૂષણને રોકી શકાશે. આનો મતલબ એ થયો કે, બનાવટી ઓળખ ઉપર અથવા તો ફોજદારી ગુના, ટ્રાફિક માટે લાયસન્સ સસ્પેન્ડ કરવા જેવી બાબતો ઉપર ધ્યાન અપાશે. આ પ્રકારની પ્રથાને આધારના કારણે રોકી શકાશે. આ વખતે ઓક્ટોબર મહિનાથી જ નવી વ્યવસ્થાને અમલી કરવામાં આવનાર છે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા પહેલાથી જ જરૂરી ફેરફાર સાથે આ પગલાને અમલી કરવા તૈયારી કરી છે. ડ્રાઈવિંગ લાયસન્સ જારી કરવાનો મામલો રાજ્યનો વિષય હોવાથી મંત્રાલય દ્વારા સેફ સિસ્ટમ અથવા સુરક્ષિત વ્યવસ્થાને અપનાવવા રાજ્યોને મંત્રાલય દ્વારા વિનંતી કરવામાં આવશે. આધાર માત્ર એક સિંગલ દસ્તાવેજ તરીકે રહેશે. આનાથી અરજીદારની ઓળખ ખુબ જ ઝડપથી પુરવાર થઈ શકશે. જો કોઈ વ્યક્તિ પાસે આધાર નથી તો આવા લોકો કેટલાક અન્ય દસ્તાવેજો રજૂ કરી શકે છે. આરટીઓને પણ સ્પષ્ટ સૂચના આપી દેવામાં આવી છે. અંદાજ મુજબ ભારતમાં હજુ સુધી ૧૮ કરોડ ડ્રાઈવિંગ લાયસન્સ જારી કરવામાં આવી ચુક્યા છે. તમામ ડેટાને હાર્ડકોપી રજિસ્ટ્રારમાંથી ડિજિટલ ફોર્મેટમાં ફેરવી દેવાનું કામ ચાલી રહ્યું છે.



# રામ મંદિર અયોધ્યામાં જ બનશે : તોગડિયા

## અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વિરાટ હિન્દુ સંમેલન : મુસ્લિમોના બાળકોને સરકાર સહાય આપે છે તો હિન્દુઓના બાળકોને કેમ નહીં : બેરોજગાર હિન્દુને અમદાવાદમાં રોજગારની તાલિમ આપવા જાહેરાત

અમદાવાદ, તા.૨૬

વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા આજે શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે હિન્દુ ફર્સ્ટના નામે વિરાટ હિન્દુ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતુ.આ સંમેલનમાં વિહિપના ડો.પ્રવિણ તોગડિયાએ રણ ટંકાર કરતા કહ્યુ હતું કે,રામમંદિર અયોધ્યા ખાતે જ બનશે.અયોધ્યામાં હવે નવી કોઈ મસ્જીદ નહીં બને.બાબરની મસ્જિદ તો દેશમાં ક્યાંય નહીં બને.૨૫૦૦૦થી પણ વધુ કાર્યકર્તાઓ,સંતો,મહંતોની ઉપસ્થિતિમાં ડો.તોગડિયાએ સ્પષ્ટ કર્યુ હતું કે,સોમનાથમાં મંદિર કેન્દ્ર સરકારની સંમતિથી જ બનાવવામાં





આવ્યું હતુ.આ જ પેટર્નથી કેન્દ્ર સરકાર અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે સંસદમાં બીલ પસાર કરે.અને મંદિર નિર્માણ કરાવે.સરકાર મુસ્લિમોના સંતાનોને ભણવા માટે આર્થિક સહાય કરે છે તો હિન્દુઓના સંતાનોને કેમ નહીં તેવો સવાલ પણ તેમણે કર્યો હતો.હિંદુ હિત માટે તોગડિયાએ ૧૨ મુદ્દાની સરકાર સમક્ષ માગણી પણ રજુ કરી હતી.જેમાં કાશ્મીરમાં વિસ્થાપિત થયેલા હિંદુઓને ફરીથી તેમના ઘરમાં વસાવવા ઉપરાંત,ગૌ-હત્યા વિરોધી કાનુન પસાર કરવાની સાથે હિંદુઓને સુરક્ષા પુરી પાડવા સહીતના મુદ્દાઓનો સમાવેશ થતો હતો.આજે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્તની વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

## તોગડિયાના ૧૨ મુદ્દા...

### બધાને બંધન કરતા સમાન નાગરિક કાયદાની માંગ

- દરેક રાજયમાં સરકાર એક આઈપીએસની નિયુકિત કરે.જે હિન્દુઓ ઉપર થતા જેહાદી અને અન્ય હુમલાખોરોની તરત ધરપકડ કરે.જેમાં જામીનની જોગવાઈ ન હોય.
- કેન્દ્ર સરકાર તરત જ જનસંખ્યા કાયદો લાવે.
- ૧ પત્ની અને બે બાળકો જ હોય. આ વાતનું જે ઉલ્લંઘન કરે એને રાશન, આરોગ્ય, શિક્ષણ, આધારકાર્ડ, મતાધિકાર આપવામાં ન આવે.
- સરદાર પટેલે સોમનાથ મંદિર બનાવ્યું.તે પેટર્નથી સરકાર સંસદમાં કાયદો પસાર કરીને તરત જ રામમંદિર બનાવે.
- બધાને બંધનકર્તા સમાન નાગરીક કાયદો તરત જ બનાવવામાં આવે.
- દરેક હિન્દુ બાળકોની શાળા અને ગ્રેજ્યુએશન સુધીની ફી સરકાર ભરે.
- બધા હિન્દુ યુવાનોને રોજગાર મળે. તેનું સમયબધ્ધ, આર્થિક અને પ્રશાસનીય વ્યવસ્થા સરકાર કરે.
- બાંગ્લાદેશ અને મ્યાંમારથી ઘુસી રહેલા રોહિંગ્યા મુસલમાનોને છ માસમાં ડિપોર્ટ કરાય.
- દરેક હિંદુ ખેડૂતોને ખેતરમાં વિજળી, દરેક ખેતરમાં પાણી અને પાકને બરબાદ કરવાવાળા જાનવરોથી સુરક્ષા આપવામાં આવે.
- દરેક વિસ્થાપિત કાશ્મીરી હિન્દુઓને સરકાર તેમના ઘરમાં વસાવે.તેમને સંપૂર્ણ સુરક્ષા આપવાની સાથે સમૃધ્ધિ માટે પેકેજ આપે.
- ગૌ હત્યા,ગૌવંશ હત્યા, વેચાણ, નિકાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધનો રાષ્ટ્રીય કાયદો કેન્દ્ર સરકાર તરત જ પસાર કરે અને એનો કડકાઈથી અમલ કરાવે.
- હિન્દુઓને દોષ આપવાની આદતો છોડીને સરકાર હિન્દુસ્થાનને જેહાદી આતંકથી તરત જ મુકત કરવાનો સમયબધ્ધ રોડમેપ રજુ કરે, બધી સરકારી યોજનાઓ પર નીતિગત અમલ કરે.







